GJAH220902402023

દાખલ તારીખ : ૨૬ / ૦૭ / ૨૦૨૩
રજી. તારીખ : ૨૬ / ૦૭ / ૨૦૨૩
ફેંસલ તારીખ : ૨૭/ ૦૩ / ૨૦૨૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૨ ૦૮ ૦૧

**એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલત, અમદાવાદ (સીટી)**

**ક્રિ. પ. અ. નંબર : ૭૦૮૫ /૨૦૨૩**
આંક –

**ફરિયાદી / અરજદાર :** **રેખાબેન પરેશભાઈ પંચાલ**
હાલ રહે.,૧૩૩, શ્રીજી બંગલો, દેવરાજ
ફલેટની સામે, નરોડા, અમદાવાદ.

**વિરૂધ્ધ**

**પ્રતિવાદી / સામાવાળા :** **(૧) પંચાલ ઈન્દુબેન વિનુભાઈ (સાસુ)**
**(૨) પંચાલ ભાવેશભાઈ વિનુભાઈ (જેઠ)**
**(૩) પંચાલ સોનલબેન ભાવેશભાઈ (જેઠાણી)**
**(૪) કૈલાશબેન અમરતભાઈ પંચાલ (ફોઈજી)**
**(૫) પ્રેમિલાબેન પરષોત્તમભાઈ પંચાલ (મામીજી)**
તમામ રહે.,૧૬૭, સ્વામીનારાયણ સોસાયટી,
વિભાગ–૨, તા.બાયડ, જી.બાયડ.

**અરજ :** ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ ૨૦૦૫ ની ક.૧૮,૧૯, ૨૦ અને ૨૨ મુજબ

**ફરિયાદ પક્ષ તર્ફે :–** **વિ.વ.શ્રી.એસ.એસ.શાહ**
**સામાવાળા તર્ફે :–** **–––**

.....................................................................................

## -: જજમેન્ટ :-

(૧) હાલના અરજદારની અરજીની હકીકત ટુંકમાં એવી છે કે, તેઓ અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તા.૭/૩/૨૦૧૧ ના રોજ સમાજના રીત રીવાજ મુજબ હિન્દુ શાસ્ત્રોકત વિધીથી ઉટરડા મુકામે લગ્ન થયેલા ત્યારથી તેઓ બન્ને પતિપત્ની બનેલા. તેઓ અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ ના દિકરા પરેશ સાથે થયેલા અને લગ્ન કરી તેઓ અરજદાર તેમની સાથે તેઓનો ઘર સંસાર માંડવા ગયેલા અને લગ્નની શરૂઆતથી સારી રીતે રાખેલ ત્યારબાદ તે સમય દરમ્યાન તેઓને એક બાળકનો જન્મ થયેલો. જેનું નામ પ્રિન્સ છે. જે હાલમાં ૯ વર્ષનો છે. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓના દિકરા પ્રિન્સના જન્મ પછી તેઓ અરજદાર તેઓની સાસરીમાં ગયેલા ત્યારે આ કામના સામાવાળા નં.૪ ની માતા તેઓના ઘરે તેઓના દિકરાને રમાડવા આવ્યા ત્યારે આ કામના સામાવાળા નં.ર એ જણાવ્યું કે, મારા દિકરામાં ભાગ પડાવવા આવી ગયેલ છે તેવુ જણાવ્યું. વધુમાં જણાવેલ છે કે, તેઓ અરજદાર સને-૨૦૧૧ થી ૨૦૧૭ સુધી સહકુટુંબમાં રહેતા હતા ત્યારે તેઓના પતિ પરેશભાઈ તેમના કારખાનામાં કામ કરતા હતા પરંતુ તેઓને પૈસાની જરૂર હોય તેઓના સસરા અને આ કામના સામાવાળા નં.ર સાથે માંગણી કરતા તો તે જણાવતા કે, અમે પૈસા નથી છાપતા, મહેનત કરીએ છીએ અને ઘર પણ ચલાવીએ છીએ. ઘરમાં બધુ પુરૂ પાડીએ છીએ, તારે પૈસાની શું જરૂર છે તેમ કહી ઝઘડો કંકાસ કરતા હતા પરંતુ તેઓનું ઘર સંસાર બગડે નહિ અને તેઓનો દિકરો નાનો હોય તેઓ બધુ મુંગા મોઢે સહન કરતા હતા. ત્યારબાદ તેઓનો દિકરો પ્રિન્સ ૯ મહિનાનો થયા પછી તેઓના પતિ પરેશ રોજ દારૂ પીવા લાગેલા અને દારૂ પીને ઘરે આવી તેઓને કોઈ કારણ વગર મારઝુડ કરતા હતા અને માર મારતા હોય ત્યારે આ કામના સામાવાળા નં.૧ થી ૩ અને તેઓના સસરા જોયા કરતા હતા તેમજ

તેઓના પતિ પરેશભાઈ કારખાનામાં કામ કરતા હોય તેમને કોઈ પગાર આપતા નહિ પણ જરૂર પડે તો તેઓના સસરા વિનુભાઈ પૈસા આપતા અને તેઓ જોઈન્ટ ફેમીલીમાં રહેતા હોય, આ કામના સામાવાળા નં.૧ થી ૩ તેઓના પતિને ચડાવતા અને તે દારૂ પીને ઘરે અવાતા અને તેઓને કોઈ કારણ વગર માર મારતા અને તેઓના પતિ પરેશ દારૂ પીને આવતા હોય આખી સોસાયટી તેના ત્રાસથી કંટાળી ગયા હોય આ કામના સામાવાળા નં.૧ થી ૩ એ તેઓની ઉપર બંગડી અને વીંટી ચોરીનો આરોપ મુકતા હોય અને સામાવાળાઓનો ત્રાસ ખુબ જ વધી ગયેલો હોય, સને–૨૦૧૫માં બાજુની વિવેકાનંદ સોસાયટી માં અગલ રહેવા ચાલ્યા ગયેલા અને તે સમયે તેઓના સસરાએ જણાવ્યું કે, હું દર મહિને મકાનનું ભાડુ અને ભત્તું મોકલી આપીશ અને પરેશ કારખાનામાં નોકરી કરશે પરંતુ તેઓના સસરાએ એક મહિનો મકાનનું ભાડુ આપ્યુ અને એક મહિનો કરીયાણું ભરી આપ્યું ત્યારપછી તેમણે ભાડુ કે કરીયાણું આપવાનું બંધ કરી દીધેલું. ત્યારબાદ તેઓ જયાં ભાડાના મકાનમાં ઉપરના માળે રહેતા હતા ત્યાંથી તેઓનો દિકરો ઉપરથી નીચે પડી ગયેલો ત્યારે દવાખાને તેઓ અને તેમના પાડોશી લઈ ગયેલા અને તે વખતે તેઓના સાસરીવાળા કોઈ આવેલા નહિ ત્યારબાદ તેઓના પતિ વારંવાર દારૂ પીને આવતા હોય અને ત્યાં પણ ઝઘડો કરતા હોય મકાન માલિકે મકાન ખાલી કરવાનું જણાવેલું અને તેઓ મકાન ખાલી કરીને તેઓની સાસરીમાં આવેલા. મકાનના એક રૂમમાં અલગ રહેવા ચાલી ગયેલા ત્યાં પણ તેઓના પતિ દારૂ પીને મારઝુડ કરતા હતા તે વખતે પણ તેઓના સાસરીવાળા તેઓને બચાવતા ન હતા અને તેઓના સાસરીવાળા પણ તેઓને કોઈ જાતની મદદ કરતા ન હતા એટલે તેઓનું ઘર પુરૂં કરવા માટે બાયડ ખાતે આવેલ તક્ષશિલા સ્કુલમાં નોકરી કરતા હતા પરંતુ તેઓના પતિ પરેશભાઈ અને તેઓની સાસરીવાળાનો બહુ ત્રાસ વધી જતા તેઓ ઘર

છોડીને તેઓના બાળક પ્રિન્સને લઈને તેઓના માતાપિતાના ઘરે આવી ગયેલા. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તેઓના સમાજના આગેવાનો વચ્ચે પડતા તેઓનું સમાધાન કરાવેલું અને બન્ને જણા તેઓના દિકરા પ્રિન્સ સાથે અમદાવાદ મુકામે ભાડાના મકાનમાં રહેવા આવી ગયેલા. ત્યારબાદ તેઓના પતિ દિવાળીમાં ભેગા થવા માટે ગયેલા ત્યારે ઘર બંધ હોવાના કારણે તે પરત આવતા તા.૩૧/૧૦/૨૦૨૨ ના રોજ તેઓનું બાયડ ખાતે અકસ્માત થયેલ અને તે વખતે ૧૦૮ બોલાવીને વાત્રક હોસ્પિટલ લઈ ગયેલ ત્યાં તેમની વધુ તબિયત બગડતા અમદાવાદ મેમ્કો ખાતે આવેલ આનંદ સર્જીકલ હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં તેમની કોઈ તબિયમાં સુધારો ન થતાં અને આશરે ૫ લાખની ઉપર ખર્ચ થઈ જતાં તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજ અમદાવાદ સીવીલ હોસ્પિટલમાં લઈ ગયેલા ત્યાં તેમની તબિયતમાં સુધારો ન થતા તા.૨૨/૧૧/૨૦૨૨ ના રોજ મૃત્યુ પામેલા તેનો તમામ ખર્ચ તેઓના પિયરપક્ષે આપેલો અને તેઓના સાસરીવાળાએ એક લાખ રૂપિયા આપીને જણાવેલ કે, હવે અમારી જોડે પૈસા નથી હવે તારે જયાંથી સગવડ કરવી હોય ત્યાંથી કર ત્યારે તેઓ અરજદારે આ કામના સામાવાળા નં.૧ થી ૩ અને તેઓના સસરાને જણાવ્યુ કે, મને લગ્ન વખતે જે દરદાગીના ચડાવેલા છે તે અમોને પરત આપો તે વેચીને હું બધાનું દેવુ પુરૂં કરી દઉં. હુ કયાંથી આટલા બધા પૈસા લાવુ. મારા પિયરપક્ષે મને પુરો સપોર્ટ કરેલ છે હવે તેમની જોડે પણ પૈસા નથી. ત્યારે સામાવાળા નં.૧ થી ૩ અને તેઓના સસરાએ જણાવ્યુ કે, દાગીના તો બેન્કમાંથી ચોરાઈ ગયા છે, ત્યારે તેઓ અરજદારે બેન્કમાં તપાસ કરતા બેન્કવાળાએ જણાવ્યું કે દાગીના તારા સાસરીવાળા લઈ ગયેલ છે અને તે વખતે બેન્કના મેનેજરે સી.સી.ટી.વી. ચાલુ કરીને બતાવેલ ત્યારે સી.સી.ટી.વી.કેમેરામાં આ કામના સામાવાળા નં.૧ અને ૨ તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ બેન્કના લોકરમાંથી બધા દર દાગીના લઈ

ગયેલા છે. ત્યારબાદ તેઓને જાણવા મળેલુ કે, સને–૨૦૧૯ માં જે જમીન વેચાય હતી તેમાં તેઓને ભાગ આપેલો નહિ પણ આ કામના સામાવાળા નં.૧ અને તેઓના સસરા બન્ને ભેગા થઈને આ કામના સામાવાળા નં.૨ અને ૩ ને મકાન લઈ આપેલું અને તે વખતે તેઓ અરજદારે મકાનની માંગણી કરતા તેમણે જણાવ્યું કે, મારી જોડે હાલ પૈસા નથી. તમારી જોડે પૈસાની વ્યવસ્થા હોય તો જાતે લઈ લો, ત્યારબાદ તેઓના પતિના અવસાન પછી આ કામના સામાવાળા નં.૨ અને તેઓના સસરાએ ભેગા મળીને કારખાનાનો બધો કાટમાળ વેચી દીધેલો અને તેઓને પૈસા આપેલ નહિ. તે અરસામાં તેઓના સસરા વિનુભાઈ તા.૪/૨/૨૦૨૩ ના રોજ અવસાન પામેલા. તે વખતે તેઓ અરજદાર તેઓની સાસરીમાં ગયેલા અને બધી વિધિ પત્યા પછી તેઓની જોડે કોઈ કારણ વગર ઝઘડો કરવા લાગેલા અને સામાવાળા તેઓને માર મારવા લાગેલા અને સામાવાળા નં.૫ જે તેઓના મામીજી થાય છે તે તેઓને પણ ધમકાવવા લાગેલા અને તે વખતે તેઓના પતિના મરણ પછી દેવુ થઈ ગયેલુ તે દેવુ પુરૂ કરવા માટે તેઓએ પૈસાની માંગણી કરતા આ કામના સામાવાળાઓએ જણાવેલ કે, તારૂં અહી કોઈ જાતનો હકક કે હિસ્સો નથી, તારા પતિ જોડે હતો, તો તું તાર પતિ જોડે જઈને માંગ. વધુમાં જણાવેલ છે કે, ત્યારબાદ તા.૨૩/૬/૨૦૨૩ ના રોજ તેઓના જેઠ એટલે કે, આ કામના સામાવાળા નં.૨ ને તેઓએ ફોન કરીને જણાવેલ કે, મને થોડા ઘણા પૈસા કરી આપો ત્યારે તે મા–બહેનની ગાળો બોલવા લાગેલા અને કહેવા લાગેલા કે મારે કોઈ પ્રોપર્ટી વેચવાની નથી હવે મને ફોન કરીશ નહિ અને તેઓને સરકારી નોકરી મળતા તેઓએ એસ.બી.આઈ.બેન્કમાં તેઓના પતિના મરણ વખતે તેઓને જે દેવુ થયુ હતુ તે ચુકવવા માટે તેઓએ લોન એપ્લાય કરેલી અને તે લોન એપ્લાય કરતી વખતે તેઓએ તેમનું આધારકાર્ડ આપેલું અને તે આધારકાર્ડમાં તેઓના સાસરીવાળાનું સરનામું હોય ત્યાં

પુછપરછ કરવા જતાં આ કામના સામાવાળા નં.૧ એ તેઓ અરજદાર વિરૂધ્ધ અને બેન્કના મેનેજરને ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા. ત્યારબાદ તા.૧૪/૭/૨૦૨૩ ના રોજ તેઓના જેઠને એટલે કે, આ કામના સામાવાળા નં .૨ ને ફોન કરતા તે ગંદી ગાળો બોલવા લાગેલા અને જણાવ્યું કે, અમારે તારી જોડે કોઈ સંબંધ નથી, હવે પછી કયારે પણ ફોન કરીશ નહિ, તેમ કહિ ફોન કાપી દીધેલો. વધુમાં જણાવેલ છે કે, તેઓ અરજદાર તેઓના દિકરા પ્રિન્સને લઈને હાલ ભાડાના મકાનમાં રહે છે અને તેઓના દિકરાની તમામ જવાબદારી તેઓની ઉપર છે અને તેઓની સાસરીમાં તેઓના અને તેઓના દિકરાનો કાયમી હકક પોષાતો હોય આ કામના સામાવાળા પાસેથી તેઓને તેમની સાસરીના મકાનમાંથી તેમજ બીબીપુરા વાત્રક ખાતે પ્લોટ આવેલો છે અને ચીખલોદ ખાતે જમીન આવેલી છે તેમાં તેઓનો અને તેઓના દિકરાનો કાયદેસરનો હકક હોય તે હકક અપાવવા ન્યાયના હિતમાં હુકમ કરવા અરજ ગુજારેલ છે તેમજ આ કામના સામાવાળાએ બાયડ ખાતે આવેલુ મકાન તે હાલ ભાડે આપેલુ છે તેનું ભાડુ સારૂં એવુ આવે છે. વધુમાં જણાવેલ છે કે, તેઓ અરજદાર હાલ ભાડાના મકાનમાં રહે છે અને મહિને ૮૦૦૦ ભાડુ ભરે છે તેમજ તેઓના દિકરાનો ખર્ચ સ્કુલનો તથા રીક્ષાનો તથા દવા તેમજ ઘર ખર્ચ વિગેરે આશરે ૩૦,૦૦૦/- જેવો થાય છે. જેથી, આ કામના સામાવાળાઓ પાસેથી બાયડ ખાતે આવેલ મકાનમાંથી તેઓનો તથા તેઓના દિકરાનો ભાગ તથા જમીન અને પ્લોટમાંથી પણ તેઓનો તથા તેઓના દિકરાનો ભાગ તથા જમીન અને પ્લોટમાંથી પણ તેઓને અને તેઓના દિકરાને ભાગ અપાવવા તેમજ તેમજ તેઓના દર દાગીના સામાવાળા પાસે પડેલ છે તે અપાવવા ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે. વધુમાં જણાવેલ છે કે, આ કાયદાની કલમ ૧૯ મુજબ રહેઠાણના આદેશ મુજબ તેઓ અરજદારના મકાન આ કામના સામાવાળાઓએ પચાવી પાડેલ છે

તે પરત અપાવવા યોગ્ય હુકમ કરવા અરજ ગુજારેલ છે. તેમજ અરજીનો ખર્ચ સામાવાળાઓ પાસેથી અપાવવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૨) અરજદારની ઉપરોકત અરજી રજુ થતાં જે અરજી ધ્યાને રાખી, અરજી લગત પ્રોટેકશન ઓફિસર/ સર્વિસ પ્રોવાઈડરનો રીપોર્ટ મંગાવવામાં આવતાં, જે પ્રોટેકશન ઓફિસર/ સર્વિસ પ્રોવાઈડરનો રીપોર્ટ આંક–૦૩ થી રજુ થયેલ છે. ત્યારબાદ, અત્રેની અદાલત ધ્વારા સામાવાળાઓને નોટીસ કરવાનો હુકમ કરવામાં આવતા, જે નોટીસ ધોરણસર રીતે બજી જતાં, સામાવાળાઓ હાજર થતા તેઓને નકલો આપ્યા બાદ, સામાવાળાઓ સદર કામે ત્યારબાદ હાજર રહેલા નથી. જેથી, અરજદારની સામાવાળાનો જવાબનો હકક બંધ કરવાની અરજી આંક–૦૪ નીચે હુકમ કરી, સામાવાળાઓનો જવાબનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૩) વધુમાં સદર કામે અરજદાર તરફે તેમની અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧ | ૦૫ | અરજદાર રેખાબેન પરેશભાઈ પંચાલની સરતપાસ એફીડેવીટ |

**દસ્તાવેજી પુરાવો :–**

**આ કામે અરજદારપક્ષે કોઈપણ પ્રકારના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ નથી.**

ત્યારબાદ અરજદારપક્ષ ધ્વારા આંક–૦૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી પુરાવો પુર્ણ થયાનું જાહેર કરવામાં આવેલ છે.

(૪) **સામાવાળા તરફે મૌખીક અને દસ્તાવેજી પુરાવો :–**

આ કામે સામાવાળાઓએ હાજર રહી કોઈપણ પ્રકારનો પુરાવો રજુ કરેલ નથી.

(૫) વધુમાં સદરહુ કામ આખરી દલીલો માટે રાખતા, અરજદારના વિ.વ.શ્રીએ મૌખિક દલીલો કરી, અરજી મંજુર કરી દાદ અપાવવા રજુઆત કરેલ છે. જયારે સામાવાળાઓ તરફે કોઈ હાજર રહેલ ન હોવાથી, અરજદારની સામાવાળાની દલીલોનો હક બંધ કરવાની અરજી (આંક–૭–એ) નીચે હુકમ કરી, સામાવાળાની દલીલોનો હક બંધ કરવામાં આવેલ છે.

(૬) અરજીની તમામ હકીકતો, કેસના સંજોગો વિગેરે ધ્યાને લેતાં હાલની અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**૧/–** શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળાઓ તરફથી તેણી ઉપર કૌટુંબીક હીંસાખોરી આચરવામાં આવેલ છે ?

**૨/–** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ અરજીમાં જણાવ્યાં મુજબની દાદ મેળવવા સારુ હકકદાર છ ? જો હા તો કયારથી અને કોની પાસેથી ?

**૩/–** શું હુકમ ?

**(૭) ઉપરોકત મુદ્દાઓનાં મારાં મત મુજબ નિર્ણય તથા કારણો નીચે મુજબ છે.**

**૧/–** નકારમાં.

**૨/–** નકારમાં.

**૩/–** આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

**<u>મુદ્દા નંબર ૧ અને ૨ :–</u>**

(૮) આ કામે અરજદારે કરેલી અરજીના સમર્થનમાં આંક–૦૫ થી સોગંદ ઉપર સરતપાસ એફીડેવીટ આપેલી છે. જે સરતપાસ વંચાણે લેતાં તેમાં અરજદારે તેઓની મુખ્ય અરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરી, અરજીને સમર્થનકારક પુરાવો આપેલ છે. જયારે સામાવાળાઓએ હાજર રહી અરજદારની કોઈ ઉલટતપાસ કરેલ નથી. જેથી, અરજદારની સામાવાળાનો

ઉલટનો હકક બંધ કરવાની અરજી આંક–૦૬ નીચે હુકમ કરી, સામાવાળાનો અરજદારની ઉલટતપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. સદર કામે સામાવાળાએ તેમના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા નથી.

(૯) આ કામે જયારે અરજદારે સામાવાળાઓ વિરુધ્ધ ઘરેલુ હિંસા સામે સ્ત્રી રક્ષણના અધિનિયમ–૨૦૦૫ મુજબ અરજી કરેલી છે ત્યારે તેણે તે પુરવાર કરવાનું રહે છે કે, સામાવાળા ધ્વારા તે કૌટુંબિક હિંસાનો ભોગ બનેલી કે કેમ ? આ તબકકે સદર કાયદાની કલમ–૩ માં કૌટુંબિક હિસાની વ્યાખ્યા આપવામાં આવેલી છે જે ધ્યાને લઈએ તો સામાવાળાનું એવુ કોઈ પણ કૃત્ય, કાર્યલોપ, અથવા આચરણ અથવા વર્તન કૌટુંબિક હિંસા ગણાશે કે જે :–

<u>કલમ–૩ : કૌટુંબિંક હિંસાખોરીની વ્યાખ્યા :–</u>

(એ) વ્યથિત વ્યકિતને શારીરિક કે માનસિક રીતે ઈજા કે હાનિ અથવા આરોગ્ય, સલામતી, જિંદગી,અંગ કે સુખાધિકારને ભયમાં મૂકે અથવા તે મુજબ કરવા દોરી જતુ હોય અને તેમાં શારીરિક દુર્વ્યવહાર,જાતીય દુર્વ્યવહાર,મૌખિક રીતે અને લાગણી સાથે દુર્વ્યવહાર, આર્થિક દુર્વ્યવહાર કરવાનો સમાવેશ થાય છે, અથવા

(બી) તેણીને અથવા તેણી સાથે સંબંધિત કોઈ પણ વ્યકિતને દહેજ અથવા બીજી મિલકત અથવા કિંમતી જામીનગીરી અંગેની ગેરકાયદે માગણીને તાબે થવા માટે તેણીને અથવા તેણીના સબંધી સાથે જબરજસ્તી કરવાના ઈરાદે વ્યથિત વ્યકિતને ત્રાસ આપે, હાનિ ઈજા કરે અથવા ભય પમાડે, અથવા

(સી) કલોઝ (એ) અથવા (બી) માં દર્શાવ્યા મુજબની કોઈ પણ વર્તણુંક ધ્વારા વ્યથિત વ્યકિતને અને તેણીની સાથે સબંધિત કોઈ પણ વ્યકિતઉપર ધમકીની અસર પેદા કરે, અથવા

(ડી) વ્યથિત વ્યકિતને શારીરિક કે માનસિક ઈજા કે હાનિ પહોચાડે તેવી કોઈ પણ બાબત

**(૧૦)** આ કામમાં રેકર્ડ ઉપરની તમામ હકીકતો, પુરાવો અને પુરાવાનું મૂલ્યાંકન કરતાં, સદર કામે અરજદારની મુળ અરજી ઘ્યાનપુર્વક વંચાણે લેવામાં આવે તો અરજદારે તેમની મુળ અરજીના પેરા નં.૨ માં જણાવેલ છે કે, તેઓ અરજદારના લગ્ન આ કામના સામાવાળા નં.૧ સાથે તા.૭/૩/૨૦૧૧ ના રોજ સમાજના રીત રિવાજ મુજબ હિન્દુ શાસ્ત્રોકત વિધિથી થયેલા. જયારે અરજીના મથાળામાં જોવામાં આવે તો આ કામે સામાવાળા નં.૧ તરીકે પંચાલ ઈન્દુબેન વિનુભાઈને દર્શાવવામાં આવેલ છે કે અરજદારના સાસુ થાય છે. આમ, અરજદારની અરજી તદ્દન ભુલભરેલી જણાઈ આવે છે. વધુમાં, સદર કામે અરજદારે તેમની અરજીમાં માંગેલ દાદ વંચાણે લેવામાં આવે તો તેઓએ તેમની અરજીમાં સામાવાળાની જમીન અને પ્લોટોમાં તેઓને તથા તેઓના દિકરાને ભાગ અપાવવા દાદ માંગેલ છે. જે દાદ અપાવવા માટે માત્રને માત્ર દિવાની અદાલતને હકુમત છે. હાલની અદાલતને સદર દાદ અપાવવા અંગે કોઈપણ પ્રકારની સત્તા રહેલી નથી. જેથી, સદર અરજી લગત કોઈપણ પ્રકારનો હુકમ કરવો ન્યાયોચિત જણાઈ આવતો ન હોય અરજીના ગુણદોષમાં ઉતર્યા વગર અત્રે ઉપસ્થિત મુદ્દા નં.૧, ૨ નો નિર્ણય નકારમાં આપી, ન્યાયના વિશાળ હિતમાં મુદ્દા નં. ૩ અંગેનો નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## **-: આખરી હુકમ :-**

- અરજદાર : **રેખાબેન પરેશભાઈ પંચાલ** નાઓ તરફે દાખલ થયેલ હાલની ડોમેસ્ટીક વાયોલેન્સ એકટ, ૨૦૦૫ અન્વયેની અરજી આથી **નામંજુર (રદ)** કરવામાં આવે છે.

- ઘી ડોમેસ્ટીક વાયોલન્સ એકટ ની કલમ ૨૪ મુજબ હુકમની નકલ અરજદારને વિના મુલ્યે આપવી.

આ હુકમ આજ તા.૨૭ મી, માહે–માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૭–૦૩–૨૦૨૬.
અમદાવાદ(સીટી).

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
એડીશલન ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ (સીટી)
કોડ : જીજે–૦૦૮૬૬